## ડીસાના રેલ્વેસ્ટેશન વિશ્વકર્મા નગર ખાતે વાજતે ગાજતે ગણપતિ વિસર્જન....



ડીસાના રેલ્વેસ્ટેશન વિશ્વકર્મા નગર ખાતે વાજતે ગાજતે ગણેશજીની સ્થાપના રિધ્ધી સીધી મિત્ર મંડળ દ્વારા કરવામા આવી હતી.જ્યાં શ્રીજીની પૂજા અર્ચના સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અને આજે જલઝીલણી અગિયારસ નિમિતે ગણપતિ બાબાને હર્ષભેર વિદાય આપી અમીરગઢની બનાસ નદીમા વિસર્જન કરવામા આવ્યું હતું.જેમા સોસાયટીના તમામ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામા હાજર રહય હતા.

## જય જલિયાણ સેવા કેમ્પના સેવા કાર્યને બિરદાવતા મહાનુભાવો



યાત્રાધામ અંબાજી ખાતે શરૂ થયેલા ભાદરવી પૂનમના મહા મેળામાં આવતા લાખો પદયાત્રીઓની સેવા માટે અનેક સેવા કેમ્પો સેવાની સરવાણી વહાવે છે, જેમાં સૌથી મોટો સેવા કેમ્પ જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા રતનપુર ખાતે યોજાય છે. જે કેમ્પનો સોમવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પદયાત્રીકોને મિષ્ઠાન, ભોજન, ચા નાસ્તો, આરામની ઉત્તમ સુવિધા અને મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ કેમ્પમાં બનાસકાંઠા જિલ્લાના કલેકટર આનંદભાઈ પટેલ, બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ, રાજ્ય કક્ષાના મંત્રી કીર્તિસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ગુજરાતના પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા વગેરે મહાનુભાવોએ કેમ્પની મુલાકાત લીધી હતી અને કેમ્પની સેવાને બિરદાવી હતી. આ કેમ્પમાં ગઈકાલે ગુજરાતના પ્રખ્યાત કલાકાર દિવ્યાબેન ચૌધરી દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી.

## અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં પદયાત્રીઓનું ઘોડાપુર



માં જગત જનની અંબાની નગરી અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો ચાલુ છે. આજે ભાદરવી મહામેળાનો બીજો દિવસ છે. લાખોની સંખ્યામાં માઈભક્તો પોતાના સંઘ લઈને પગપાળા અંબાજી આવી રહ્યા છે. ઢોલ-નગારા અને ડીજે સાથે નાચતા ગાતા માઁના ભક્તો ધજા લઈને અંબાજી મંદિર પહોંચી માતાજીનો આશીર્વાદ મેળવી રહ્યા છે. બોલ મારી અંબે જય જય અંબેના નાદથી અંબાજી મંદિર ગુંજી ઉઠ્યું છે. સેંકડો કિલોમીટરથી માઈભક્તો પગપાળા અંબાજી આવી અંબાજી મંદિરના શિખરે ધજા ચઢાવી તેમની કામના પૂર્ણ કરી રહ્યા છે. અંબાજી ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજા અર્ચના કર્યા હતા. મંત્રીએ ગર્ભગૃહમાં માતાજી સમક્ષ શિશ ઝુકાવી ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે માતાજીને પ્રાર્થના કરી હતી.શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિરના ટેમ્પલ ઈન્સપેક્ટર સતીષભાઈ ગઢવીએ માતાજીનો ખેસ પહેરાવી મંત્રીનું સ્વાગત કર્યું હતું.

## પ્રાંતિજના સલાલ શ્રી રામ જનરેટર રીપેરીંગ યુવાન દ્વારા પોતાની સેવા આપી રહ્યો છે



કહેવાય છે કે જેને સેવા કરવી છે તે ગમેતે રીતે સેવા કરે છે અને સેવા કરવા માટે પૈસાદાર હોવું એ પણ જરૂરી નથી... જી.. હા... સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સલાલ શ્રી રામ જનરેટર રીપેરીંગ કરતો યુવાન દ્વારા અંબાજી પગપાળા જતાં સઘ ના રથ ના બંધ પડેલ જનરેટર જેતે સ્થળે સહ ખર્ચે જઈ ને ફ્રી માં રીપેરીંગ કામ કરી સેવા આપે છે. હાલ અંબાજી તરફ પગપાળા ધણા સંધો જઈ રહે છે જેમાં કેટલાક સંઘ માના રથ સાથે નિકળ્યા છે તો ઠેરઠેર રોડ રસ્તા ઉપર વિસામા દ્વારા માઈ ભકતો દાંતા ઓ દ્વારા લીંબુ સરબત , પાણી , ચા-નાસ્તો , ભોજન સહિત ની સેવાઓ આપવામાં આવે છે તો અંબાજી તરફ જતાં સંધો પદયાત્રી ઓને સેવા આપવા માટે માત્ર પૈસા આપીને કે વસ્તુ દ્વારા દાન આપીને સેવા નો લાભ લઈ શકાય કે પૈસાદાર હોવુ એ જરૂરી નથી પણ જેને સેવા કરવી છે અને સેવા આપવી છે તે આપે છે જી..હા .. પ્રાંતિજ તાલુકા ના સલાલ ના શ્રી રામ જનરેટર રીપેરીંગ કરતો યુવાન દ્વારા પોતાની કારીગીરી ની સેવા દ્વારા અંબાજી તરફ જતાં સંધો ના રથ ના જનરેટર અધ્ધ વચ્ચે બગડે તો જાતે સાબરકાંઠા માં ગમે તે જગ્યાએ બધ પડે તો પોતાના સહ ખર્ચે તે જગાએ જઈને સંધ ના રથ માં રહેલ જનરેટર રીપેરીંગ કરી આપે છે અને પોતાની કારીગીરી ની સેવા દ્વારા અંબાજી તરફ જઈ રહેલ સંધો ના રથો ના અધ્ધ વચ્ચે બગડેલ જનરેટર ફ્રી રીપેરીંગ કરી આપે છે આવી અનોખી રીતે યુવાન સેવાઓ આપી રહ્યો છે અને યુવાને પોતાનો નંબર સોસીયલ મીડીયા મારફતે વાયર પણ કર્યો છે જેથી તેનો લાભ અંબાજી તરફ જતાં રથો ના લોકો જનરેટર બગડતાં ફોન ઉપર સર્પક કરી સેવા નો લાભ લે છે અને અમિતાભ પંચાલ સહ ખર્ચે ત્યાં જે તે સ્થળે પહોચી રીપેરીંગ કરી આપે છે.

## બનાસકાંઠાના નવ નિયુક્ત અધિક નિવાસી કલેકટરનું સન્માન કરાયું

**શ્રીમતિ રીટાબેન પંડ્યાની અધિક નિવાસી કલેક્ટર તરીકે નિયુક્તિ**



પાલનપુર તા. ૭

બનાસકાંઠા જિલ્લા ના નવયુવાનો દ્વારા પાલનપુર મુકામે નાયબ અધિક નિવાસી કલેકટર રીટાબેન પંડ્યાનું શુભેચ્છા મુલાકાત કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સ્નેહીજનો દ્વારા રીટાબેન પંડ્યાનું સન્માન શાલ, બુકે, પુસ્તકો અને મોમેન્ટો દ્વારા કરવામાં આવતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પ્રતિભાવમાં રીટાબેન પંડ્યાએ પણ અમને સૌને શુભકામનાઓ પાઠવી હતી.

સમાજ હિતેચ્છુ એવા નવયુવાનો અને સ્નેહીજનો દ્વારા રીટાબેન પંડ્યાની શુભેચ્છા મુલાકાત દરમિયાન એકબીજાનો પરિચય કરવામાં આવ્યો હતો. સમાજના ઉત્સાહી એવા દરેક ક્ષેત્રમાં ઉભરી આવતા સમાજ રત્નોથી રીટાબેન પંડ્યા પણ ખૂબ જ ખુશ થયા હતા.

**આંગણવાડી બહેનો પણ હડતાળના માર્ગે**

# પાલનપુર ખાતે પડતર માંગણીઓને લઈને આંગણવાડી બહેનોનું વિરોધ પ્રદર્શન

પાલનપુર તા. ૭

આંગણવાડી બહેનોએ પણ હવે પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ છે. આજે પાલનપુર ખાતે બનાસકાંઠા ની આંગણવાડી બહેનોએ એકદિવસીય હડતાળ પાડી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ગુજરાત પ્રદેશ આંગણવાડી કર્મચારી સભાએ આંગણવાડી બહેનો ના પડતર પ્રશ્નોને લઈને સરકાર સામે અવાજ ઉઠાવ્યો છે. આંગણવાડી બહેનોને કર્મચારી ગણી લઘુત્તમ વેતન આપવું, નિવૃત્તિ વય મર્યાદા વધારી પેંશન આપવું, ખાનગીકરણ બંધ



કરવા સહિતની વિવિધ માંગણીઓને લઈને આંગણવાડી બહેનોએ મોરચો માંડ્યો છે. બનાસકાંઠા જિલ્લાની આંગણવાડી બહેનો અને તેડાગર બહેનોએ પાલનપુર ખાતે વિરોધ પ્રદર્શિત કરતા કલેકટરને આવેદનપત્ર આપ્યું હોવાનું આંગણવાડી કર્મચારી સભા ગુજરાત ના પ્રમુખ ચંપાબેન પરમારે જણાવ્યું હતું.

આંગણવાડી બહેનોએ શોષણ સામે અવાજ ઉઠાવતા સરકાર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યો હતો. આંગણવાડી બહેનોએ પોતાની માંગણી ઓ નહિ સંતોષાય તો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# આકરૂન્દ હાઈસ્કૂલમાં શિક્ષક દિવસની ઉજવણી

**વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષકની ભૂમિકા સૂપેરે ભજવી સંચાલન કર્યું**

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૭

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસની ઉત્સાહથી ઉજવણી કરી હતી. આચાર્ય અને શિક્ષકની ભૂમિકા કેવી હોય છે તેનો દર વર્ષે એક દિવસ અનુભવ થતો હોય છે. દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ આચાર્ય અને સ્ટાફ રૂમમાં શિક્ષણ અને સહઅભ્યાસિક એક દિવસની પ્રવૃત્તિનું આયોજન કરી





વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો હતો. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ પોતાના આચાર્ય અને શિક્ષક તરીકેના સંભારણા જીવનમાં ચિરસ્થાયી રહેશે તેમ જણાવ્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભારતના રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે તા.૫ સપ્ટેમ્બરે વિશ્વ શિક્ષક દિવસની ઉજવણી થાય છે. રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન દરેક જિલ્લામાં યોજાય છે ત્યારે શૈક્ષણિક સંકુલોમાં પણ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એક દિવસ માટે આચાર્ય, શિક્ષક, કલાર્ક, સેવક સહિતની કામગીરી કરી શિક્ષક દિવસની ઉજવણી કરતા હોય છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં હાઈસ્કુલ અને પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકનો રોલ ભજવી ૮ તાસ સુધી શિક્ષણ આપ્યું હતું. તેઓએ શિક્ષક દિવસ પૂરો થયા પછી આચાર્ય અને શિક્ષકની કેવી કપરી કામગીરી હોય છે તેનો જાત અનુભવ કર્યો હતો. જીવનમાં શિક્ષક એટલે કે ગુરૂનું કેમ વધુ મહત્વ હોય છે તે



પણ વિદ્યાર્થીઓનો સમજાયું હતું. આકરૂન્દ હાઈસ્કુલમાં આચાર્ય જે.ડી.ભાટી, સુપરવાઈઝર પંકજભાઈ કટારા, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે શિક્ષક દિવસ નિમિત્તે આચાર્ય અને શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને કેળવણી મંડળના ઉપપ્રમુખ મહેશભાઈ હીરૂભાઈ પટેલ, દિનેશભાઈ એચ. પટેલ, મંત્રી હસમુખભાઈ એન. પટેલ સહિત મંડળના હોદ્દેદારોએ સન્માનિત કર્યા હતા.

## નિકોડામાં વ્યાજખોરે ધાકધમકી આપી જમીનના સ્ટેમ્પ પેપર ઉપર સહીઓ કરાવી લીધી

**૫ ટકા ઉંચુ વ્યાજ ચૂકવી ન શકતાં પેનલ્ટી લગાવી જમીન પડાવી લેવાનો કારસો રચ્યો**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

હિંમતનગર તાલુકાના નિકોડા ગામે ખેડૂતે લીધેલ લોનનું વ્યાજ દર મહિને ચૂકવી ન શકતાં ફતેપુરના વ્યાજખોરે ૫ ટકા વ્યાજ ગણી મોટી પેનલ્ટી લગાવ્યા પછી ૬ માસના ટૂંકાગાળામાં વ્યાજ તેમજ પેનલ્ટી મળી કુલ રુ ૧૧ લાખનું લહેણું બાકી કાઢી સ્ટેમ્પ પેપર ઉપર ધાકધમકીથી જમીન પડાવી લેવા સહીઓ કરાવ્યાની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશને નોંધાવાઈ છે. પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોરે ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણી કરાવી લીધાનો સનસની ખેજ આક્ષેપ કરવામાં આવતાં ફતેપુરના ઈસમ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

તાલુકાના નિકોડા ગામના મનોજ દેવાભાઈ પટેલે પ્રાંતિજ તાલુકાના વ્યાજે રુપિયા આપવાનો ધંધો કરતા ઈશ્વર બાબરભાઈ ભરવાડ પાસેથી ૧,૨૦,૦૦૦ લીધા હતા. જેમાં લીધેલ રૂપિયા ઉપર ખોટી રીતે ૫ ટકા વ્યાજ ગણી તે વ્યાજના રૂપિયા દર મહિને ચૂકવવામાં ખેડૂત અસમર્થ બની જતાં વ્યાજખોરે મોટી પેનલ્ટી લગાવી હતી. લીધેલ રૂપિયા ઉપર ૬ માસના ટૂંકાગાળામાં વ્યાજ મળી પેનલ્ટીની રકમ રુ ૧૧ લાખ ગણી પઠાણી ઉઘરાણી શરુ કરવામાં આવી હતી. ખેડૂતને વ્યાજ સહિત પેનલ્ટીની રકમ ચૂકવી દેવા માટે વ્યાજખોરે જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ તા.૫ ના રોજ ખેડૂતની જમીન પડાવી લેવાના આશયે બાકી રુપિયાના બદલામાં જમીનના દસ્તાવેજ કરી આપવામાં આવ્યા છે તે મતલબથી ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરાવી લીધું હતું. વ્યાજખોર દ્વારા ખેડૂતને વ્યાજના ભારણમાં દબાવી દઈ ધમકી આપી જમીનનું લખાણ કરાવી લીધું હોવાથી આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે મનોજભાઈ પટેલની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે આરોપી ઈશ્વરભાઈ બાબરભાઈ ભરવાડ(રહે.ફતેપુર, તા.પ્રાંતિજ) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લાંકમાં મારામારી થતાં આધેડે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

**મનમાં લાગી આવતાં ઝેરી દવા ગટગટાવી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૭

બાયડ તાલુકાના લાંક ગામે કોઈ મુદ્દે મારામારી થયા પછી વ્યથિત થયેલા ૫૦ વર્ષિય આધેડે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ગંભીર હાલતમાં સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે બાયડ પોલીસે જાણવા જોગ નોંધ લીધી છે.

તાલુકાના લાંક ગામના જેણાજી મણાજી પરમારને મારામારી થયા પછી મનમાં લાગી આવ્યું હતું જેથી તા.૫ ના રોજ ઝઘડાના મનદુખમાં જીવન ટૂંકાવી દેવાના આશય સાથે તેમને ઝેરી દવા ગટગટાવી હતી. ઝેરી દવાના કારણે તેઓ તરફડીયાં ખાવા લાગતાં પરિવારજનોએ તાત્કાલિક તેમને સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડયા હતા જ્યાં ફરજ પરના તબીબે ઝડપી સારવાર શરૂ કરી આધેડનો જીવ બચાવી લીધો છે પરંતુ મારામારીના કારણે ઝેરી દવા પીધી હોવાનું બહાર આવતાં આત્મહત્યાના પ્રયાસે ચકચાર જગાવી છે. બનાવ અંગે વાત્રક હોસ્પિટલના ડં.જય ભાનુશાળીએ બાયડ પોલીસને ખબર આપતાં જાણવા જોગ નોંધના આધારે વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

## અરવલ્લી : રમત-ગમત સંકુલની જમીનમાં વિવાદ, ૧૯૬૬ થી જમીન પર લોકોએ દાવો કરી વિરોધ કરતા અટક કરી, પોલીસ કાફલો ખડકી દીધો

**પોલીસે અટકાયત કરેલ લોકોને પોલીસ બસમાં લઇ જવાતા કેટલાક લોકો બસ આગળ સુઈ ગયા હતા**



મોડાસા, તા. ૭

સાબરકાંઠા જીલ્લા માંથી અરવલ્લી જીલ્લાના નિર્માણને ૯ વર્ષ જેટલો સમય પૂર્ણ થવા છતાં અનેક જીલ્લા કક્ષાની સુવિધાઓથી વંચિત રહ્યો છે મોડાસા શહેરની બાજકોટ ગામની સીમમાં ૨૫ એકર જમીન તંત્રએ ફાળવી દીધા પછી અગમ્ય કારણોસર સંકુલનું નિર્માણ ઘોંચમાં પડ્યું હતું તંત્રે રમત-ગમત માટે ફાળવેલ જમીન પર સર્વેની કામગીરી હાથધરતાં આજુબાજુના લોકોએ ૧૯૬૬ થી આ જમીન તેમની હોવાનું જણાવી વિરોધ કરતા તેમની અટકાયત કરવામાં આવી હતી જમીન પર મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો

મોડાસાના બાજકોટ ગામની સીમમાં મોદી ગ્રાઉન્ડ તરીકે ઓળખાતી જમીન તંત્રએ રમત-ગમત સંકુલ માટે ફાળવણી કરવામાં આવી છે મંગળવારે તંત્રએ જમીન પર સર્વેની કામગીરી હાથધરતાં ૧૯૬૬ થી જમીન પર કબ્જો તેમનો હોવાનો અને આ અંગે કલેક્ટરમાં રજુઆત કરવામાં આવી હોવાનું જણાવી ઉગ્ર વિરોધ કરતા પોલીસે ૨૫ થી વધુ મહિલા અને પુરુષોની અટકયાત કરી હતી

# આગામી ૧૨ સપ્ટેબરના રોજ પાલનપુર પાલિકાના નવા પ્રમુખની વરણી કરાશે

**પાલીકાનું પમુખ પદ મેળવવા ભાજપની મહીલા નગર સેવીકાઓએ લોબિંગ શરૂ કર્યું**

પાલનપુર તા. ૭

પાલનપુર નગરપાલિકાના મહિલા પ્રમુખે તાજેતરમાં રાજકીય કિન્નાખોરીનો ભોગ બની પ્રમુખ પદે થી રાજીનામુ આપી દીધું હતુ. જે બાદ નવા પ્રમુખની વરણી માટે આગામી તા.૧૨ સપ્ટેબરના બાર વાગે પાલિકાની સભા મળશે જેમાં નવા પ્રમુખની વરણી કરવામાં આવનાર હોઈ પ્રમુખ પદ મેળવવા ભાજપની નગરસેવીકા ઓએ રાજકીય લોબિંગ શરૂ કર્યું હોવાનો ચર્ચાઓ જોર પકડી રહી છે. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના પ્રથમ ટર્મના મહિલા પ્રમુખ હેતલબેન રાવલે તાજેતરમાં રાજકીય દબાવ હેઠળ અને શાસક પક્ષના સભ્યોના વધતા જતા ગજગ્રાહને લઈ પ્રમુખ પદે થી સવા વર્ષના ટૂંકા સમય ગાળામાં જ પદ ત્યાગ કરી પ્રમુખ પદે થી રાજીનામુ આપ્યું હતું. જેને લઈ પ્રમુખનો ચાર્જ ઉપ પ્રમુખ હસમુખ પઢીયારને અપાયો હતો





જે બાદ નવા પ્રમુખની વરણી માટે આગામી તા.૧૨-૦૯-૨૦૨૨ ના બપોરે બાર કલાકે પાલિકાની સભા મળશે જેમાં નવા મહિલા પ્રમુખ ની વરણી કરવામાં આવનાર હોઈ ભાજપ ની નગરસેવીકાઓએ પ્રમુખ પદ મેળવવું લોબિંગ શરૂ કર્યું હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. જોકે પાલિકાના નવા પ્રમુખ પદે બે બ્રાહ્મણ અને એક પટેલ મી મુખ્ય ત્રણ નામ ચર્ચાય રહ્યા છે ત્યારે ભાજપ કોના શિર પર પસંદગી નો કળશ ઢોળે છે તે જોવાનું રહ્યું. પાલનપુર નગરપાલિકાના નવા પ્રમુખ પદે ચર્ચાતા નામ ઉપર નજર નાખીએ તો પાલનપુર નગરપાલિકાના નવા પ્રમુખ માટે શિલ્પાબેન અતુલભાઈ ચોકસી (બ્રાહ્મણ), કિરણબેન દેવેન્દ્રભાઈ રાવલ અને સુનિતાબેન કનુભાઈ પટેલ અને મુખ્ય ત્રણ નામ ચર્ચાય રહ્યા છે. નવા પાલિકા પ્રમુખની વરણી બાદ વિવિધ કમિટીઓ બદલાશે તેઓ અણસાર દેખાઈ રહ્યો છે. પાલનપુર પાલિકામાં શાસક પક્ષના સભ્યોમાં ચાલતા આંતરિક જૂથવાદ ને લઈ પાલિકાનો વહીવટ ખાડે જતા અને ભાજપની છબી ખરડાઈ રહી હોય પાલીકાના નવા પ્રમુખની વરણી કરાયા બાદ પાલીકા ની કેટલીક કમિટીઓ ના ચેરમેન બદલવા માં આવનાર હોવાનું ભાજપના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ધાનેરામાં વીજ તંત્રની નબળી કામગીરીને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા

ધાનેરા તા. ૭

ધાનેરા વિધુત બોર્ડ ની નબળી કામગીરીને લઈ સમગ્ર ધાનેરા શહેરના લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ચોમાસા દરમિયાન ધાનેરામાં વીજડીપી વીજવાયર તેમજ વીજપોલ વેલામાં દટાયેલા જોવા મળી રહ્યા છે. છતાં પણ ધાનેરા વીજ કર્મચારીઓને વેલા દૂર કરવા માટેનો સમય નથી શોર્ટ સર્કિટ સર્જાય છે. અને લોકોને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. લોકો દ્વારા વીજ કર્મચારીઓને રજૂઆત કરતા વીજ કર્મચારીઓ લાજવાના બદલે લોકો પર ગાજી રહ્યા છે. અને લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે ગત મોડી રાત્રે પણ ધાનેરાના લાધાપુરા વિસ્તારમાં શોર્ટ સર્કિટને લઈ અંધાર પર છવાઈ જવા પામ્યો હતો. ત્યારે લોકોની માંગ છે કે વીજતંત્ર ઊંઘમાંથી જાગે અને કામગીરી કરે.

## ધાનેરા મિશ્ર શાળા નંબર-૨માં ડીસા નવજીવન કોલેજની તાલીમાર્થી બહેનો દ્વારા પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન

ધાનેરા તા. ૭

ધાનેરા તાલુકા મિશ્ર શાળા નંબર-૨ સ્કુલ ખુબજ જુની અને જાણીતી કન્યા શાળામા ડીસાની નવજીવન બી એડ કોલજની વિદ્યાર્થીની તાલીમાર્થી બહેનો તરીકે ઈન્ટરશીપ માટેની તૈયારી કરવા મિશ્ર શાળા નંબર-૨ માં બાળકોને ભણાવી રહી છે.

આ તાલીમાર્થી બહેનોએ આજે શાળામાં પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા સુંદર મજાનો કાર્યક્રમ યોજી બાળકોને પ્લાસ્ટિકથી થતી આડ અસરો અને કાગળ માંથી થેલીઓ ઝબ્લાઓ તેમજ અન્ય ઉપયોગી વસ્તુઓ કેવી રીતે બનાવી શકાય તેની તાલીમ અને સમજણ આપી હતી.

આ કાર્યક્રમને શાળાના આચાર્યશ્રી યોગેશકુમાર ઠાકોર દ્વારા રીબીન કાપીને કાર્યક્રમની શરૂઆત કરી હતી .આ કાર્યક્રમમા શાળાના તમામ શિક્ષકો ડીસા નવજીવન કોલેજની તાલીમાર્થી બહેનો પાયલ ઠાકોર, દિવ્યાપુરોહિત ,શિલ્પા ચૌધરી, સિમરન પઠાણએ તમામ વિદ્યાર્થીઓને કાગળમાંથી થેલીઓ ઝબ્લાઓ કાગળની બેગ કાગળનાં ફૂલો કાગળનાં બાસ્કેટ ચિત્રો વિગેરે કેવી રીતે બનાવવા તે શીખવ્યું હતું.

અને આચાર્યશ્રી તેમજ શિક્ષકશ્રી તેમજ તાલીમાર્થી બહેનોએ જણાવ્યું હતું કે પ્લાસ્ટિકએ એક પદાર્થ છે જે ઓગળતો નથી અને ઝડપથી નાશ પામતો નથી .

અને તેનો નાશ કરવામાં સૈકડો વર્ષો લાગે છે જેના લીધે પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડે છે પ્લાસ્ટિક બનાવવામાં ઘણા પ્રકારના કેમિકલ્સનો ઉપયોગ થાય છે જે ઝેરી હોય છે જયારે આપણે તેનો ઉપયોગ કર્યા પછી પ્લાસ્ટિક ફેંકી દઈએ છીએ ત્યારે પ્લાસ્ટિક પાણી જમીન હવા વગેરે સાથે જોડાય છે .

અને તેમાં ઝેરી રસાયણો મળી જાય છે આના કારણે માટી પાણી હવા વગેરે બધુ દુષિત થાય છે એટલે આપણે પ્લાસ્ટિકનો ઉપયોગ મર્યાદિત કરીને ધીમે-ધીમે તેને વાપરવાનું બંધ કરવુ જોઈએ આ સમગ્ર કાર્યક્રમમા શાળાના બાળકોએ પણ ખુબજ ઉત્સાહ સાથે ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો .

પ્રતિજ્ઞા લીધી હતી કે અમે પણ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનુ બંધ કરીશું અને ધાનેરા શહેરને તેમજ સમગ્ર ભારત દેશમાં પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનને સફળ બનાવીશુ .

અંતમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર આચાર્યશ્રી તમામ શિક્ષકો તેમજ બાળકોનો ડીસા નવજીવન કોલેજની તાલીમાર્થી બહેનોએ આભાર વ્યક્ત કર્યો હતો.